# શાકભાજી પાકો

પ્રશ્નઃ૧ શાકભાજીમાં કયાં કયાં પાકોનું ધરૂવાડીયું કરવું જોઈએ અને તેમાં આવતા રોગો વિષેની માહિતી આપો ?

જવાબઃ શાકભાજીના પાકોનો પહેલા રોપ નાખવો પડે આ રોપ તૈયાર કરવા માટે જે ગાદી કયારા ઉંચી જગ્યાએ બનાવવામાં આવે છે અને તેમાં રોપ તૈયાર કરવામાં આવે છે તેને ધરૂવાડીયુ કહેવામાં આવે છે. ધરૂવાડીયામાં ધરૂનો કોહવારો મુખ્ય રોગ ગણાય. આ રોગ રીંગણી, મરચી, ટમેટી, ફુલકોબી, કોબી અને ડુંગળીમાં બીજ ઉગતી વખતે અને ઉગ્યા પછી એમ બે અવસ્થામાં આ રોગ આવતો જોવા મળે છે. જમીનજન્ય ફુગથી આ રોગ ફેલાય છે. ધરૂવાડીયામાં વધુ પડતા પાણીનો ભરાવો, વધુ પડતો ભેજ, જમીનનું ઉંચુ ઉષ્ણતામાન અને ગીચ ધરૂ આ રોગનો ફેલાવા માટે વધુ અનુકૂળ પરિસ્થિતિ પેદા કરે છે. આ ફુગ કુમળા છોડના બીજ પત્રો અને વિકસતા મુળ ઉપર વધારે આક્રમણ કરે છે. જેથી બીજ ઉગતા પહેલા કોહવાય જાય છે અને કુમળા છોડ પીળાશ પડતા જોવા મળે છે. તેમજ થડના જમીન પાસેના ભાગ પર બદામી પાણી પોચા ડાઘા દેખાય છે. આ ડાઘ થડની ઉપર નીચે ફેલાતા પેશીઓ કહેવાતા છોડ ચીમળાઈ જાય છે.

આ રોગના નિયંત્રણ માટે ઉંચાઈવાળા ગાદી કયારા બનાવી પાણી નિતારની વ્યવસ્થા કરવી તેમજ બીજને મેન્કોઝેબ + કાર્બેન્ડાઝીમ ૩ ગ્રામ એક કિલો બીજ પ્રમાણે માવજત આપી પછી જ ધરૂવાડીયા પૂંખવા.

પ્રશ્નઃ૨ જીરૂના પાકનો સારો અને ઝડપી ઉગાવો થાય તે માટે શું કરવું જોઈએ ?

જવાબઃ જીરૂના પાકના સારા અને ઝડપી ઉગાવા માટે વાવણી પહેલા બીજને આઠ કલાક પાણીમાં પલાળી સુકવી કોરા કરી વાવેતર કરવું જોઈએ તેમજ બીજ જમીનમાં ૧ સે.મી. થી વધારે ઉંડાઈએ ન પડે તેની કાળજી લેવી જોઈએ. આ ઉપરાંત જમીનજન્ય અને બીજજન્ય રોગના નિયંત્રણ માટે તથા સારા ઉગાવા માટે એક કિલોગ્રામ બીજદીઠ ૩ ગ્રામ પારાયુકત દવા જેવી કે થાયરમ અથવા કેપ્ટાનનો પટ આપી વાવેતર કરવું.

પ્રશ્નઃ૩ જીરૂના પાકમાં પિયત કયારે અને કેટલા આપવાં જોઈએ? તેમજ પિયત આપવામાં શું કાળજી રાખવી જોઈએ?

જવાબઃ જીરૂના પાકમાં પિયત ખૂબ જ જોખમી પરિબળ છે. પિયત માટેના કયારા સમતળ, સાંકડા અને નાના એટલે કે ૬ મીટર લંબાઈના અને ૨ મીટર પહોળાઈના રાખવાથી ઉત્પાદન, નફો તથા પિયતની કાર્યક્ષમતામાં વધારો થાય છે. પ્રથમ પિયત વાવણી બાદ તુરત જ, બીજુ પિયત જમીનની

પ્રત પ્રમાણે ૮ થી ૧૦ દિવસે (સારા અને ઝડપી ઉગાવા માટે), ત્રીજુ પિયત ૩૦ દિવસે અને ચોથુ પિયત ૬૦ દિવસે અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાંચમુ પિયત ૭૦ દિવસ બાદ આપવું. વાદળછાયું વાતાવરણ, કમોસમી વરસાદ અથવા રોગ આવવાના ચિન્હો જણાય તો પિયત આપવાનું બંધ કરવાથી ચરમી તથા છારાના રોગનો ફેલાવો થતો અટકાવી શકાય છે. પાણીની અછત હોય ત્યારે પાકની કટોકટીની અવસ્થા જેવી કે વાનસ્પતિક વૃધ્ધિના તબકકે (વાવણી બાદ ૩૦ દિવસે), બીજના વિકાસ તબકકે (વાવણી બાદ ૬૫ દિવસે) પિયત અવશ્ય આપવું જોઈએ.

પ્રશ્નઃ૪ મરચીના પાકમાં આવતા કોકડવા અંગે માહિતી આપો.

જવાબઃ મરચીના પાકમાં કોકડવાના રોગથી છોડના પાન નાના અને વિકૃત થઈ જાય છે. છોડનું કદ વામન રહે છે તેમજ દેખાવે તંદુરસ્ત છોડ કરતા જુદો પડે છે. છોડ થોડો પીળાશ પડતો લાગે છે. આવા છોડ પર મરચા ઓછા બેસે છે. મરચા હોય તો વિકૃત થયેલા જોવા મળે છે. આ ખરેખર રોગ નથી પણ જીવાત જેમ કે થ્રીપ્સ અને કથીરી વગેરેના મીકેનીકલ નુકશાનથી પાન ઉપર ફળ વગેરેની વિકૃતિ છે. આ રોગના નિયંત્રણ જોઈએ તો (૧) કાર્બોફયુરાન ૩–જી દાણાદાર દવા હેકટરે ૧.૫ કિલોગ્રામ સક્રિય તત્વ પ્રમાણે જમીનમાં આપવી. (૨) ચૂસિયા પ્રકારની જીવાતોનું નિયંત્રણ કરવાથી આ રોગ ફેલાતો અટકાવી શકાય છે. મરચીના ધરૂની ફેરરોપણી બાદ ૧૫ દિવસ પછી કાર્બોફયુરાન ૩–જી (ફયુરાડાન) હેકટરે ૨૫ કિલોગ્રામ પ્રમાણે જમીનમાં આપવું અને ત્યારબાદ શોષક પ્રકારની કીટકનાશક દવા જેમ કે ડાયમિથોએટ ૩૦% ઈસી ૧૦ મી.લી. અથવા મિથાઈલ–ઓ–ડીમેટોન ૨૫% ઈસી ૧૦ મી.લી. અથવા ટ્રાઈઝોફોસ ૪૦% ઈસી ૧૫ મી.લી. અથવા એસીફેટ ૭૫% વે.પા. ૧૫ ગ્રામ અથવા ડાયકોફોલ ૧૮.૫% ઈસી ૧૫ મી.લી. ૧૦ લીટર પાણીમાં નાંખીને ૭ થી ૧૦ દિવસના અંતરે જરૂર મુજબના છંટકાવ કરવા. ચોમાસાના દિવસોમાં આ દવા સાથે સ્ટીકર ૧૦ મી.લી. ભેળવી છાંટવાથી આખા છોડ પર સપ્રમાણ દવાનું પ્રસરણ થતાં જીવાતનો સારી રીતે નિયંત્રણ થાય છે.

પ્રશ્નઃ૫ લસણનું વાવેતર કળીઓ સિવાય બીજથી થાય કે કેમ ?

જવાબઃ લસણનું વાવેતર વાનસ્પતિક રીતે જ થતું હોવાથી કળીથી વાવેતર કરવાથી જ યોગ્ય ઉત્પાદન મેળવી શકાય છે. પરંતુ લસણના છોડ ઉપર બલ્બીલ્સ આવે છે જેનું વાવેતર કરવાથી લસણ ઉગાડી શકાય છે પરંતુ તે આર્થિક રીતે ફાયદાકારક રહેતું નથી.